# PRESS RELEASE

The news of this release will enlighten your readers and so we earnestly request you to publish it soon. We are sure that you will provide this useful news to your ardent readers at the earliest. However, the time of release is at your discretion. This Press Release is issued in public interest.

Ref.: ER/press/૦૭/shortage.૨૨

## ગુજરાત વિજ-ખાદ્ય ધરાવતુ રાજ્ય છે - ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી.

ગુજરાત ઉર્જા બાબતમાં વધારો ધરાવતું રાજ્ય છે એવા રાજ્ય સરકારનાં દાવાને કેન્દ્રના ઉર્જા - મંત્રાલય તરફથી તાજેતરમાં જ પ્રસિધ્ધ થયેલ અહેવાલે ખોખલો સાબિત કર્યો છે. ગુજરાત ઉર્જા - વધારો ધરાવતું રાજ્ય છે એવા ઉર્જા મંત્રીશ્રીનાં નિવેદન સામે અમદાવાદની ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટીએ વાંધો લીધો છે. વિષમતા તો એ છે કે ઉર્જા મંત્રાલય તરફથી બહાર પડાએલ માસિક અહેવાલ જ એવું જણાવે છે કે એપ્રિલ - મે - ૨૦૦૭ દરમ્યાન રાજ્યમાં ૨૨ ટકા વિજળીની તંગી પડી હતી.

ઓછી માંગનાં કલાકો દરમ્યાન ૯૧૦૯ મેગાવૉટ માંગ સામે ૭૭૩૬ મેગાવૉટ ના પૂરવઠાના કારણે વિજ ખાદ્ય ૧૫.૧ ટકા રહેલ. વધુ માંગવાળા કલાકો દરમ્યાન ૧૦૭૨૮ મેગાવૉટ ની માંગ સામે ૭૩૭૬ મેગાવોટના પૂરવઠાને કારણે સદર ખાદ્ય વધીને ૨૧.૯ ટકા થઇ ગએલ. પશ્ચિમ વિભાગમાં વિજ - ખાદ્ય ૨૬.૫ ટકા રહેતા મહારાષ્ટ્રમાં ૩૦.૪ ટકા, ગુજરાતમાં ૨૧.૯ અને છત્તીસગઢમાં ૧૮.૨ ટકા ખાદ્ય રહેલ. જ્યોતિગ્રામ હેઠળનાં ગામમડાઓને ૨૪ કલાક વિજ - પૂરવઠો આપવાનો સરકારનો દાવો સદર અહેવાલે ખોટો ઠેરવ્યો છે.

રાજ્યમાં વિજળીની તંગી નથી તેવા દાવાને નીચેની વિગતો ઉઘાડી પાડે છે.

| વર્ષ | અધિકતમ્ માંગ મેગાવોટસ | અધિકતમ્ પૂરવઠા મેગાવોટસ | ખાદ્ય મેગાવોટસ | ટકા |
|---|---|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૮૬૪૧ | ૭૩૩૬ | ૧૩૦૫ | ૧૫.૧ |
| ૨૦૦૩-૦૪ | ૯૮૨૦ | ૭૨૦૪ | ૨૬૧૬ | ૨૬.૬ |
| ૨૦૦૪-૦૫ | ૧૦૧૬૨ | ૭૫૭૮ | ૨૫૮૪ | ૨૫.૪ |
| ૨૦૦૫-૦૬ | ૯૭૮૩ | ૭૬૧૦ | ૨૧૭૩ | ૨૨.૨ |
| ૨૦૦૬-૦૭ | ૧૧૬૧૯ | ૮૧૧૦ | ૩૫૦૯ | ૩૦.૨ |
| એપ્રિલ-મે-૦૭ | ૧૦૭૨૮ | ૮૩૭૬ | ૨૩૫૨ | ૨૧.૯ |

આશ્ચર્યની વાત તો એ છે કે એક તરફથી રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષોમાં નજીવા મેગાવૉટની વૃધ્ધિ કરી છે જ્યારે બીજી તરફે ગુજરાત ઉર્જા - વિકાસ નિગમ લીમીટેડે ૬૩.૫x૪=૨૫૪ મે.વૉ.નાં ધુવારણનાં એકમો બંધ કર્યા છે અને ૧૪૦ મેગાવોટના બે એકમોની ક્ષમતા ઓછી કરીને ૧૦૦ મેગાવોટ કરી છે. રાજ્ય સરકાર માલિકીની ગુજરાત રાજ્ય વિજ કું. લીમીટેડમાં રોકાણ કરવા ઇચ્છતી નથી અને જુના પ્લાન્ટસને સુધારવા અને આધુનિક કરવા માટે મથે છે જેનાથી રાજ્યને હાલની કટોકટીમાં મુકાવું પડ્યું છે. રાજ્ય માલિકીની સદર વિજ કંપનીએ વિજ ખેંચ ધરાવતા મહારાષ્ટ્રને યુનિટનાં રૂ.૩.૩૮નાં ભાવે વિજળી વેચીને રૂ.૨૦૦ કરોડની આવક કરીને ગુજરાતનાં ઉપભોકતાઓને અંધારામાં ધકેલી દીધા છે.

બીજી તરફે રાજ્ય સરકારે ૪૯૫૫ મેગાવૉટના ઉત્પાદન માટે સ્વતંત્ર વિજ - ઉત્પાદકોને રૂ.૨૫,૦૦૦ કરોડ જેવી મસમોટી રકમ રોકવા પ્રોત્સાહિત કર્યા છે. ગુ. વિજ નિગમ લીમીટેડે એસ્સાર પાવર લી., ચાઇના લાઇટ અને પાવર લી., ટોરન્ટ પાવર લી. અને અડાની પાવર લીમીટેડ સાથે ગુજરાતમાં મેગા - પાવર પ્લાન્ટસ્ સ્થાપવા માટે સમજૂતિનાં કરારો કર્યા છે.

ગુજરાતનાં વિજ - વપરાશકારો માથે આવડો મોટો બોજો ઠોકી દેવા સામે ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટીએ પ્રશ્ન ઉઠાવ્યો છે. પ્રથમ તો એ કે સ્વતંત્ર વિજ - ઉત્પાદકો પાસેથી ખર્ચાળ વિદ્યુત ખરીદવાનું અને બીજુ રાજ્ય માલિકીની સાત વિજ કંપનીઓનાં ૫૫૦૦૦ કર્મચારીઓ અને અધિકારીઓનો બોજો જ્યાં વ્યક્તિ-મેગાવૉટનું પ્રમાણ ૧૧:૧ છે તેની સરખામણીએ ટૉરેન્ટ, ટાટા અને રીલાયન્સ જેવી ખાનગી કંપનીઓમાં આવું પ્રમાણ તેનાથી અર્ધું છે.

ગ્રાહક શિક્ષણ અને સંસોધન સોસાયટીએ ગુજરાત વિજ- નિયમન આયોગને પણ વિનંતી કરી છે કે એકાધિકારવાળી આવી કંપનીઓને નિયમબધ્ધ કરીને એ સુનિશ્ચિત કરે કે આવો બોજો ગુજરાતનાં વિજ - ઉપભોકતાઓ માથે ન્ પડે. સદર ગ્રાહક સોસાયટીને એનો ખેદ છે કે ઇલેક્ટ્રિસીટી એક્ટને અમલમાં આવે ચાર વર્ષો વિત્યા છતાં એકાધિકાર ધરાવતી આ કંપનીઓને જવાબદેહી બનાવી નથી.

અત્રે પ્રશ્ન એ ઉઠે છે કે વિતરણનાં ક્ષેત્રે ખાનગી કંપનીઓને રાજ્ય સરકાર શા માટે પ્રવેશવા દેતી નથી. ગુજરાતનાં વિદ્યુત - ક્ષેત્રે સ્પર્ધા આવે તેનાથી શું સરકાર ડરે છે?

**તા.૨૦-૮-૨૦૦૭**
**સ્થળ : અમદાવાદ**

**પ્રીતિ શાહ**
**શ્રેયાન નિયામક ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર**
**તંત્રી, ઇનસાઇટ - ધી કન્ઝ્યુમર મેગેઝીન.**

Opinions, test results and research findings issued through this Press Release cannot be used in any form directly or indirectly for advertising, promotional or commercial purpose.

**CONSUMER EDUCATION AND RESEARCH SOCIETY**
"Suraksha Sankool", Thaltej, Ahmedabad-Gandhinagar Highway,Ahmedabad 380054
Phone: 079-27489945-46, 27450528, 30121001-02-03 Fax: 079-27489947
Email: cerc@cercindia.org Home Page : www.cercindia.org